

વાવોલ-કલોલ માર્ગ પર ટીંટોડા ગામ નજીક સાંજના સુમારે બે બાઈક ચાલકો સામસામે અથડાયા હતા. આ અકસ્માતને પગલે બંને ચાલકોને ઈજા થઈ અને બાઈકથી દૂર જઈ પડ્યા હતા. આ બનાવની જાણ ગ્રામજનોને થતા તુરંત ઘટનાસ્થળે દોડી આવ્યા હતા. જ્યારે અકસ્માતને પગલે વાહનો ઉભા રહેતા થોડીવાર માટે ટ્રાફિકજામની સમસ્યા પણ સર્જાઈ હતી.

# રાજ્યમાં ૮મી આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ

અમદાવાદ, તા.૫

આગામી તારીખ ૮મી જાન્યુઆરી ૨૦૧૭થી ગુજરાત પ્રવાસન નિગમ દ્વારા પતંગ મહોત્સવનો પ્રારંભ થઈ રહ્યો છે. પતંગ મહોત્સવના ઉદઘાટન પ્રસંગે બાળકો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર કરીને આદિત્ય સ્તુતિ કરવામાં આવશે. મહોત્સવનું ઉદ્ઘાટન રાજયપાલ ઓપી કોહલીના હસ્તે કરવામાં આવશે. મુખ્ય મહેમાન મુખ્યમંત્રી વિજય રૂપાણી પણ હાજર રહેશે. આ ઉપરાંત નાયબ મુખ્યમંત્રી નીતિન પટેલ, પ્રવાસન મંત્રી ગણપતસિંહ વસાવા તેમજ પ્રવાસન વિભાગના ચેરમેન કમલેશ પટેલની પણ ઉપસ્થિતિ રહેશે. પ્રવાસન વિભાગના સચિવ શ્રી એસ. જે. હૈદરે જણાવ્યું હતું કે, આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવની શરૂઆત ૧૯૮૯થઈ ગઈ હતી. શરૂઆતના તબક્કામાં ૫ થી ૧૦ પતંગબાજો દ્વારા અમદાવાદમાં થતો મહોત્સવ ૩૦૦ થી ૩૫૦ પતંગબાજો સાથે ગુજરાતના ૧૪ શહેરો સુધી વિસ્તારેલ છે. દર વર્ષની જેમ આ વર્ષે પણ ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા તા.૨મી જાન્યુઆરી દરમિયાન ૧૪મી થી ૮માં આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન થઈ રહ્યું છે. રાજય સરકાર અને પ્રવાસન વિભાગ દર વર્ષે આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવનું આયોજન કરે છે અને દેશ વિદેશના લોકો તથા પતંગબાજ આ ઉત્સવમાં સહભાગી બને છે. આ વર્ષે આર્જેન્ટીના, ઈન્ડોનેશિયા, જર્મની, ફ્રાન્સ, એસ્ટનિયા, કેનેડા, કમ્બોડિયા, બેલ્જીઅમ, બ્રાઝીલ, ઓસ્ટ્રેલિયા, સિંગાપુર, રશિયા, પોલેન્ડ, ન્યુઝીલેન્ડ, નેધરલેંડ, મલેશિયા, મકાઉ, કોરિયા, ઈટલી, ઈઝરાયેલ, કેયુ, ટર્કી, થાઈલેન્ડ, સ્વિડઝલેન્ડ, શ્રીલંકા, સ્પેઈનયુ એસ વિયેતનામ જેવા અનેક દેશોના પતંગબાજોએ ભાગ લીધો છે ગુજરાતનો આંતરરાષ્ટ્રીય પતંગ મહોત્સવ દેશ વિદેશના પ્રવાસીઓને આકર્ષી રહ્યો છે. ત્યારે આ વખતે વિશ્વનાં ૩૧થી વધુ દેશના ૧૧૪થી વધુ અને ૮ રાજયોનાં અંદાજે ૫૧ અને રાજયના કુલ ૧૮૬ પતંગબાજોએ ભાગ લીધો છે. આ પતંગબાજો રિવરફ્રન્ટ ખાતે પોતાની વિવિધ શૈલીને લોકો સમક્ષ રજુ કરશે અને પતંગ ઉત્સવની ઉજવણીમાં સહભાગી બનશે.

## મોડાસા-માલપુર સ્ટેટ હાઈવે પર સાંકડા રસ્તાને લઈ ગ્રામજનોમાં ભારે આક્રોશ

મોડાસા-માલપુર રાજ્ય ધોરીમાર્ગ પરથી અંતરીયાળા ગ્રામ્ય વિસ્તારના ગામડાઓ જેવા કે માથાસુલિયા, અણદાપુર અને સાતરડા સહિતના ગામમાં જવા માટે સ્ટેટ હાઈવે પર બનાવેલો કટ ખૂબ જ નાનો હોવાથી અંતરિયાળ ગ્રામ્ય વિસ્તારોમાં જવા માટે અને શહેરો તરફ આવવા માટે વાહનચાલકોને ખુબ જ મુશ્કેલીનો સામનો કરવો પડી રહ્યો છે. કટની જગ્યા ખૂબ જ નાની હોવાથી બન્ને તરફથી સ્ટેટ હાઈવે પરથી પસાર થતા વાહનચાલકો પૂરઝડપે પસાર થતા કટ ન દેખાતા કટ પરથી ગ્રામ્ય વિસ્તારમાં જતા અનેક વાહનચાલકો અકસ્માતનો ભોગ બની રહ્યા છે. સ્ટેટ હાઈવેના જવાબદાર અધિકારીઓએ ગ્રામ્ય વિસ્તારોમાં જવા માટેનો કટ ખૂબ જ નાનો બનાવતા ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોના જીવ જોખમમાં મુકાઈ રહ્યા છે. ગ્રામ્ય વિસ્તારોમાં જતા અને સ્ટેટ હાઈવે પર ચડતા વાહનો વારંવાર સ્ટેટ હાઈવે પરથી પસાર થતા પૂરઝડપના લીધે અને સ્ટેટ હાઈવે પરથી પસાર થતા વાહનચાલકોને કટ ન દેખાતા છાશવારે અકસ્માતની ઘટનાઓનું નિર્માણ થાય છે. બીજીબાજુ માથાસુલિયા વળાંક નજીક આવેલી ખાનગી હોટલના સંચાલકે હાઈવે પર રહેલા ડિવાઈડર તોડી નાખતા હોટલ પર રોકાવા વાહનો પણ પૂરઝડપે પસાર થતા હોવાથી કટ પર માર્ગ ઓળંગવા ઉભા રહેલા વાહનચાલકો ભયથી ફફડી ઉઠે છે. ત્રણ ગામડાઓના અંદાજે ૩૦૦થી વધુ વિદ્યાર્થીઓ અને પાંચ હજાર જેટલા લોકો પસાર થતા હોવાથી ગ્રામ્ય વિસ્તારના પ્રજાજનોએ હાઈવે ઓથોરેટી દ્વારા આ કટ મોટો કરવાની ઉગ્ર માંગ કરી રહ્યા છે.

## વાયબ્રન્ટ દરમિયાન મોદી સાયન્સ સિટીમાં પણ જશે

અમદાવાદ, તા.૫

વાયબ્રન્ટ ગુજરાત સમિટ દરમિયાન વડાપ્રધાન નરેન્દ્ર મોદી લોકપ્રિય સાયન્સ સિટીની મુલાકાત લેનાર છે. જેને લઈને તૈયારીઓ હાથ ધરવામાં આવી ચુકી છે. વિદ્યાર્થીઓ માટે ૧૦મી તારીખથી સાયન્સ સિટીમાં નિઃશુલ્ક પ્રવેશ આપવામાં આવનાર છે. સાયન્સ સિટીમાં મોદી વિશ્વના જાણીતા વૈજ્ઞાનિકો સાથે બેઠક પણ કરશે. સાયન્સ સિટીમાં નવ જાન્યુઆરીના દિવસને ઐતિહાસિક દિવસ તરીકે ઉજવણી કરવાની તડામાર તૈયારી ચાલી રહી છે. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સાથે વિદેશના વિવિધ વૈજ્ઞાનિક ક્ષેત્રે નિષ્ણાંત અને વિદેશી મહેમાનો સાથે વિચાર વિમર્શ કરશે. આ કાર્યક્રમમાં ગુજરાતના પ્રધાન મંડળ પણ હાજરી આપશે. સાયન્સ સિટીમાં આગામી દિવસોમાં પીએમ મોદી વિશ્વના આદન પ્રદાન કરશે. મોદી એક કલાક સુધી વિવિધ વિષયના પારંગત વૈજ્ઞાનિકો સાથે મુક્ત વિચારોનું આદાન પ્રદાન કરશે. વૈજ્ઞાનિક ક્ષેત્રે પારંહત એવા ફિઝીક્સ, સાયન્સ અને મેડિસીન વિષયનાં નિષ્ણાતો દેશના અને રાજયના વિદ્યાર્થીઓને તેમના વિષયની ચર્ચા વિચારણા કરીને માહિતગાર કરશે.

સાયન્સ સીટીમાં ખાસ તૈયાર કરાયેલા વોર્ડમાં નોબલ પ્રાઈઝ વિજેતા વૈજ્ઞાનિકો પોતાની કૃતિ લોકો સમક્ષ મુકશે. વિદ્યાર્થીઓને પ્રથમ વખત નવ નોબલ પ્રાઈઝ વિજેતા વૈજ્ઞાનિકો પોતાની કૃતિ લોકો સમક્ષ મુકશે. વિદ્યાર્થીઓને પ્રથમ વખત નવ નોબલ વિજેતા મહાનુભાવ વૈજ્ઞાનિકો પાસેથી માહિતી મળશે. જેમાં ફિઝિક્સ ક્ષેત્રના નિષ્ણાત ડેવીડ ગ્રોસ, હોરેન્ડ હોર્મસ અને રેન્ડીસ્કેમન સાથે અન્ય વૈજ્ઞાનિકો પ્રથમ વખત ગુજરાતની મુલાકાતે છે.

## નોટબંધીના વિરોધમાં સાબરકાંઠા કોંગ્રેસ સમિતિની જંગી રેલી યોજાઈ

ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતીના આદેશ અનુસાર સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતીના પ્રમુખ ગોપાલસિંહ રાઠોડની પ્રદેશ કોંગ્રેસ સમિતીના નિરીક્ષક તરીકે કૈલાસદાન ગઢવી, પ્રાંતિજના ધારાસભ્ય મહેન્દ્રસિંહ બારૈયા, પૂર્વ પ્રમુખ ડાહ્યાભાઈ પટેલ, વિપુલ કોંગ્રેસ સમિતીના પ્રમુખો, તાલુકા પંચાયતના પ્રમુખો, જિલ્લા પંચાયત-તાલુકા પંચાયતના ચેરમેન-સદસ્યો, ખેડબ્રહ્મા નગરપાલિકાના પ્રમુખ,



આગેવાની હેઠળ સાબરકાંઠા જિલ્લા કોંગ્રેસ સમિતીના કાર્યાલય ખાતેથી એક જંગી રેલી કાઢવામાં આવી હતી. જે રેલી કાર્યાલયથી શરૂ થઈ જીલ્લા કલેક્ટર કચેરી ખાતે પહોંચી હતી અને ત્યાં કલેક્ટરને આવેદન પત્ર પાઠવવામાં આવ્યું હતું. આ રેલીમાં એઆઈસીસીના નિરીક્ષક તરીકે કુંવર કરણસિંહ અને ગુજરાત પટેલ, જિલ્લા પંચાયત પ્રમુખ રાજેન્દ્રસિંહ કુંપાવત, તાલુકા કોંગ્રેસ સમિતીના પ્રમુખ રણજીતસિંહ સોલંકી, તાલુકા પંચાયતના પ્રમુખ ઈમરાન ઠાકોર તેમજ જિલ્લા પંચાયતના અધ્યક્ષ હર્ષદ પટેલ, જિલ્લા પંચાયતના ચેરમેનો, ઈડર, વડાલી, ખેડબ્રહ્મા, વિજયનગર, પોશીના, પ્રાંતિજ, તલોદ તાલુકા વિરોધ પક્ષના નેતાઓ, કોર્પોરેટરો, તમામ શહેર પ્રમુખો, તમામ ફ્રન્ટલના ચેરમેનો, જિલ્લા કોંગ્રેસ સમિતી-તાલુકા કોંગ્રેસ સમિતી, શહેર કોંગ્રેસ સમિતીના તમામ હોદ્દેદારો, તમામ પીસીસી ડેલીગેટો, પ્રદેશ કોંગ્રેસ સમિતીના મંત્રીઓ તેમજ જિલ્લાભરમાંથી મોટી સંખ્યામાં કાર્યકરો હાજર રહ્યા હતા.

## 'ઉગતા સૂર્ય'નું રાજ્ય અરૂણાચલ પ્રદેશ ભાગ લેશે વાઈબ્રન્ટ ગુજરાતમાં

એક આવકારદાયક ઘટનારૂપે 'ઉગતા સૂર્ય'ના રાજ્ય તરીકે જાણીતું અરૂણાચલ પ્રદેશ આગામી સપ્તાહે ગાંધીનગરમાં યોજાનાર પ્રતિષ્ઠિત એવી વાઈબ્રન્ટ ગુજરાત ૨૦૧૭ની સમિટમાં ભાગ લેશ. માત્ર ૩૭ વર્ષની ઉમરે જ મુખ્યમંત્રી બની દેશના સૌથી નાની વયના મુખ્યમંત્રી બનનાર પેમા ખાંડુની દોરવણી હેઠળ અરૂણાચલ પ્રદેશને વિકાસની કેડી પર આક્રમકતાથી દોરી જવાના ધ્યેયના ભાગરૂપે પ્રવાસન, ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને ખેત તથા બાગકામ ક્ષેત્રને વેગ આપવાના હેતુસર આ સમિટમાં ભાગ લેશે.

સમગ્ર દેશના હાઈડ્રો-પાવર ક્ષેત્રમાં સૌથી વધુ વણવપરાયેલી ક્ષમતા ધરાવવાની સાથે સાથે અરૂણાચલ પ્રદેશ ઉચ્ચ ક્વોલિટિના કિવી ફળનું ઉત્પાદન કરતા સૌથી મોટા ઉત્પાદક રાજ્યો પૈકીનું એક રાજ્ય હોવા ઉપરાંત કુદરતી વૈવિધ્ય અને વનજન્ય વનસ્પતિઓ ધરાવતા સૌથી મોટા રાજ્યો પૈકીનું પણ એક રાજ્ય છે. જેને કારણે આ રાજ્ય ઘણી બધી બાબતોમાં અન્ય રાજ્યોની સરખામણીમાં શ્રેષ્ઠતા ધરાવે છે.

વાઈબ્રન્ટ ગુજરાતમાં અરૂણાચલના વિવિધ ખાતાઓ/વિભાગોના વરિષ્ઠ અધિકારીઓ ઉપસ્થિત રહીને સંભવિત રોકાણકારો અને ઉદ્યોગગૃહો સાથે સંવાદ કરશે. જેથી કરીને અરૂણાચલમાં ધંધા માટેની અનુકૂળતા સુવિધાઓથી રોકાણકારો તથા ઉદ્યોગગૃહોને ભારતમાં સૌથી પહેલો સૂર્યોદય જોનાર રાજ્ય એવા અરૂણાચલ પ્રદેશમાં રોકાણ અને વિકાસની તકોથી માહિતગાર કરી શકાય.



### અમદાવાદના ડેપ્યુટી મેયરનો સન્માન સમારંભ યોજાયો

અમદાવાદ જુહાપુરા ગુલામપાર્કના રહીશોએ તેમના પાણીના પ્રશ્નોનું નિરાકરણ લાવી આપનાર ડેપ્યુટી મેયર શ્રીમતિ પ્રજ્ઞાબેન સુતરીયાનું શાલ તથા ફૂલોના હારથી સન્માન સામાજીક કાર્યકર મોહમંદભાઈ મનસુરી તેમજ સોસાયટીના રહીશો દ્વારા કરવામાં આવ્યું હતું. જેમાં આજુબાજુ સોસાયટીના રહીશો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

## ગોઝારીયામાં ધી મહેસાણા અર્બન કો.ઓપ.બેન્કની ૫૦મી શાખાનો શુભારંભ

મહેસાણા જિલ્લાના ગોઝારીયા ખાતે ધી મહેસાણા અર્બન કો.બેન્કની ૫૦મી વાતાનુકુલીત શાખાનો પ્રારંભ રાજયના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલ કરાવ્યો હતો. મહેસાણા અર્બન બેન્કની શરૂઆત ૧૯૮૩થી થયેલ છે. આ બેન્ક રાજ્યમાં સહાકારી બન્કોમાં ત્રીજા નંબરનું સ્થાન ધરાવે છે.

ગોઝારીયા ખાતે નવીન શાખાના ઉદ્દ્ઘાટન પ્રસંગે રાજ્યના નાયબ મુખ્યમંત્રી નિતીનભાઈ પટેલે જણાવ્યું હતું કે બેન્કોની નવીન શાખાનો પ્રારંભ એ રાજ્યનો વિકાસ અને પ્રગતિ દર્શાવે છે. રાજ્ય સરકારે પ્રાથમિક,માળખાકીય વિકાસની દિશામાં મહત્તમ કામ કર્યું છે. રાજ્યના નાયબ મુખ્યમંત્રીએ ગોઝારીયાના વિકાસ માટે નવીન રસ્તાઓની જાહેરાત કરી હતી.

ગોઝારીયામાં મેઉ જંકશનથી પેટ્રોલપંપ સુધીના ૮૦૦ મીટરના રસ્તાને છ લેન કરવા માટે ૩ કરોડ ૧૭ લાખ જેમાં સ્ટ્રીટલાઈટ અને ૧૫ મીટરથી ૨૧ મીટર પહોળો કરવાની જાહેરાત કરી હતી. આ ઉપરાંત પેટ્રોલપંપથી ખરણા



પાટીયા સુધી ૩ કરોડના ૫૮ લાખના ખર્ચે ૧૫ મીટર પહોળો કરવા સહિતની વિવિધ વિકાસ રસ્તાઓની જાહેરાત કરી હતી. આ ઉપરાંત ભુગર્ભ ગટર યોજના સમયે ખરાબ રસ્તાઓનું સમારકામ ૦૮ કરોડના ખર્ચે થનાર છે.

સાંસદ જયશ્રીબહેન પટેલે જણાવ્યું હતુ કે વિકાસના મહાયજ્ઞોમાં બેન્કોનો વિશેષ ફાળો રહેલો છે. નોટબંધીનો નિર્ણય દેશની પ્રજાએ આવકાર આપ્યો છે. સાંસદે આ પ્રસંગે પંચાયત ઘર માટે ૧૦ લાખ આપેલ છે તેમજ સાર્વજનિક હોસ્પિટલમાં એમ્બ્યુલન્સ માટે ૭ લાખ ગ્રાન્ટમાંથી આપવાની જાહેરાત કરી હતી. કાર્યક્રમમાં સમારંભના અધ્યક્ષ ચંદુભાઈ પટેલ, બેન્કના ચેરમેન જી.કે. પટેલ, વાઈસ ચેરમેન કે. કે. પટેલ, મેનેજીંગ ડિરેક્ટર ખોડાભાઈ એન. પટેલ સહિત બેન્કના ડિરેકટરો, અધિકારીઓ, કર્મચારીઓ, સભાસદો ઉપસ્થિત રહ્યા હતા.

### નોંધ કરાશે... ● અનુસંધાન છેલ્લાનું ચાલુ

ગુણોત્સવના ગ્રેડની પદ્ધતિ અંતર્ગત શૈક્ષણિક મૂલ્યાંકનના ૬૦ ટકા, સહશૈક્ષણિક બાબતોના મૂલ્યાંકનના ૨૦ ટકા અને લોકભાગીદારી તથા ભૌતિક સુવિધાઓના ઉપયોગના મૂલ્યાંકનના ૨૦ ટકા મુજબ ફાળવી જે તે શાળાને મળેલ ટકા મુજબ શાળાનો ગ્રેડ અપાય છે.

ગુણોત્સવની પ્રક્રિયા અંતર્ગત તબક્કા-૧માં બાહ્ય મૂલ્યાંકન ઓફિસરો દ્વારા થાય છે. જ્યારે સ્વમૂલ્યાંકન શાળાઓ દ્વારા થાય છે. તબક્કા-૨માં સઘન ઉપચારાત્મક શિક્ષણ કાર્યક્રમ યોજાય છે. ૩ હજાર કરતાં વધુ અધિકારી, પદાધિકારી શાળાના સમગ્ર દિવસ પસાર કરી મૂલ્યાંકન કરે છે. વર્ષ ૨૦૦૯થી પ્રત્યેક વર્ષે ૯૦૦૦ કરતા વધુ શાળાઓ (૩૦ ટકા કરતા વધુ)નું મૂલ્યાંકન સિનિયર અધિકારીઓ, પદાધિકારીઓ દ્વારા થાય છે.

અન્ય રાજ્યો દ્વારા ગુજરાત મોડલનું અનુકરણ, જેમાં મધ્યપ્રદેશ, રાજસ્થાન, બિહાર, ઓડિસ્સા, હરિયાણા અને આસામનો સમાવેશ ઉપરાંત ૧૨મી પંચવર્ષીય યોજનાના ડોક્યુમેન્ટમાં દેશની બેસ્ટ પ્રેક્ટિસ તરીકે ઉલ્લેખ કરાયો છે. શાળા અને વિદ્યાર્થીના મૂલ્યાંકનમાં વાંચન, લેખન, ગણન, હિન્દી અને સંસ્કૃત સિવાયના તમામ વિષયોની મૌખિક પ્રશ્નોત્તરી, ગુજરાતીમાં ટૂંકુ લેખિત પ્રશ્નપત્ર, ઈત્તર પ્રવૃત્તિ તથા શાળાની ભૌતિક સુવિધા, સહઅભ્યાસ પ્રવૃત્તિ વગેરેનો સમાવેશ થાય છે.

### અળકામણું ગાંધીનગર

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

જોખમાઈ છે. કોમન પ્લોટમાં ગંદકીના ઢગ ખડકાયા છે. કેટલાક ઠેકાણે સેકટરોનો ચિતાર દર્શાવતા બોર્ડસ પણ કટાયેલી હાલતમાં બિનઉપયોગી જોવા મળી રહયા છે. સેકટરોના બગીચામાં પણ અંધારપટ્ટ છવાયેલો જોવા મળે છે. આમ નાગરિકોની સલામતીના નામે મીંડુ સર્જાયુ છે. નગરને વાઈબ્રન્ટ લુક આપવાની કામગીરી માત્ર મુખ્ય માર્ગો સુધી જ સિમિત રહી છે.સેકટરના રહીશોની દુવિધાઓ દુર કરવા માટે સતત દુર્લક્ષ્ય સેવાઈ રહયુ છે. વાઈબ્રન્ટ સમિટને અનુલક્ષી મહાનુભાવોના રૂટને દુલ્હનની જેમ સજાવાઈ રહયો છે. પરંતુ મુખ્ય માર્ગો પરથી થોડા ડગ અંદર આવતા જ વાઈબ્રન્ટ લુક પાછળનુ બિહામણુ દ્રશ્ય છતુ થાય છે. ઉપરી હિસ્સામાંથી વાઈબ્રન્ટ દેખાતા નગરના સેકટરોના આંતરિક વિસ્તારમાં તદન કંગાળ દ્રશ્ય જોવા મળે છે. આમ નાગરિકો દુવિધાઓ વચ્ચે ગુંગળામણ અનુભવી રહયા છે. વાઈબ્રન્ટના બ્યુટિફીકેશનમાં કોરણે રહેલા સેકટરોમાં સમસ્યાઓ જટીલ બની છે.

### બેંકમાં જમા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા ૫૦ દિવસથી સામાન્ય લોકો ભારે મુશ્કેલીનો સામનો કરી રહ્યા હતા. હાલમાં સ્થિતી સુધારી દેવાના પ્રયાસો હાથ ધરવામાં આવ્યા છે. ભારતીય રીઝર્વ બેંક અને સરકાર દ્વારા સામાન્ય લોકોની તકલીફને નોટબંધીના કારણે ઓછી કરવા વિવિધ પગલા લેવામાં આવ્યા હતા. તમામ રદ કરવામાં આવેલી નોટ બેંકોમાં પહોંચી ગઈ છે જેથી બ્લેકમની રહી નથી.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીની આ સ્કીમ ફ્લોપ રહી હોવાનો દાવો વિરોધ પક્ષો કરી રહ્યા છે. અગાઉ હેવાલમાં દાવો કરવામાં આવ્યો હતો કે બંધ કરવામાં આવેલી આશરે ૯૦ ટકા રકમ બેંકોમાં જમા કરવામાં આવી ચુકી છે. માત્ર ત્રણ લાખ કરોડ રૂપિયાની રકમ સિસ્ટમમાં આવી નથી તેવો દાવો એ વખતે કરવામાં આવ્યો હતો.

### પરસ્પર પ્રશંસા... ● અનુસંધાન પહેલાનું ચાલુ

આજે અમે પટણા સાહિબની ધરતી પર આવીને પ્રકાશ પર્વ મનાવીને ભાગ્યશાળી અનુભવ કરી રહ્યા છીએ. દુનિયાના તમામ દેશોમાં ભારત સરકારના દૂતાવાસના માધ્યમથી આ પ્રકાશ પર્વને મનાવવાની યોજના બનાવવામાં આવી છે. ૩૫૦ વર્ષ પહેલા ગુરૂ ગોવિંદસિંહે માનવતા માટે કેટલો મોટો ત્યાગ કર્યો હતો. પ્રકાશ પર્વથી હિન્દુસ્તાન માટે એકતા, અખંડતા, ભાઈચારા અને સામાજિક સમરસતાનો મજબૂત સંદેશ મળે છે. શરાબબંધી પર નીતિશની પ્રશંસા કરતા મોદીએ કહ્યું હતું કે સમાજ સુધારનું કામ ખૂબ મોટુ કામ હોય છે. અડચણો ઘણી બધી આવે છે પરંતુ નીતિશ કુમારે જે રીતે નશામુક્તિ માટેની ઝુંબેશ ચલાવી છે તેમના માટે તેઓ અભિનંદન આપે છે. તેઓ બિહારની જનતા અને રાજકીય પક્ષોને પણ અપીલ કરે છે કે તે માત્ર નીતિશકુમારનું રાજ્ય નથી. જન જનનું રાજ્ય છે. લોકોએ પણ આમાં સામેલ થઈને યોજનાને સફળ બનાવવાનું કામ કરવું જોઈએ. રાજેન્દ્ર બાબુ, જયપ્રકાશ નારાયણ, કરપુરી ઠાકુર જેવા દિગ્ગજ નવરત્ન આ ધરતીથી આવી ચુક્યા છે. મોદીએ કહ્યું હતું કે તેઓ નીતિશકુમારને તેમની સરકાર અને બિહારની પ્રજાને અભિનંદન આપે છે. નીતિશકુમારે ખૂબ મહેનત કરી છે. નીતિશકુમાર પોતે ગાંધી મેદાનમાં આવીને દરેક કામ પર નજર રાખી રહ્યા હતા. મોદીએ કહ્યું હતું કે આ કાર્યક્રમ ભલે પટણામાં થઈ રહ્ય છે પરંતુ પ્રેરણા દુનિયા માટે છે. ગુરૂ ગોવિંદસિંહ ત્યાગની પ્રતિમૂર્તી હતા. તેમને પોતાની આંખોની સામે જ પિતા અને માનવતા માટે પુત્રોની બલી જોઈ હતી. મોદીએ ઉમેર્યું હતું કે ગુરૂ ગોવિંદસિંહે દેશના લોકોને પ્રેમથી જોડી દીધા હતા. મોદીએ કહ્યું હતું કે ગુરૂ ગોવિંદસિંહની વીરતા અને ધીરતા અદભુત હતી. તેઓ સંઘર્ષ કરતા રહેતા હતા.

### ઈન્કમ સ્કીમ... ● અનુસંધાન પહેલાનું ચાલુ

સ્કીમ સમગ્ર દેશમાં લાગુ કરવામાં ઓ છે તો જીડીપીના ૩ થી ૪ ટકાનો ખર્ચ વધી શકે છે. હાલમાં કુલ જીડીપીના ચાર થી પાંચ ટકા રકમ સરકાર સબસીડી ઉપર ખર્ચ કરે છે. આ સ્કીમને લાગુ કરવામાં આવ્યા બાદ સરકારને તબક્કાવાર રીતે સબસીડી ખતમ કરવાની દિશામાં પહેલ કરવી પડશે. યુનિવર્સિટ બેઝીક ઈન્કમ સ્કીમ અને સબસીડી બંને સાથે ચાલી શકે નહીં. સ્કીમ માટે સરકાર માઈનીંગ અને મોટો પ્રોજેક્ટ પર જુદી રીતે સરચાર્જ કાઢીને રકમ એકત્રિત કરી શકે છે.

### સુવર્ણ તક

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેઠળ વ્યક્તિ કંપનીની વેબસાઈટથી સાતમી જાન્યુઆરી ૨૦૧૭ સુધી ટિકિટ બુક કરાવી શકે છે. ઈન્ડીગો એરલાઈન્સની ઓફર સાતમી જાન્યુઆરી સુધીની છે. આ ટિકિટ પર ૩૧મી જાન્યુઆરીથી લઈને ૧૩મી એપ્રિલ વચ્ચે યાત્રા કરી શકાય છે. ટિકિટ ૯૪૯ રૂપિયાથી શરૂ થઈ રહી છે. ઈન્ડીગો હેઠળ કોઈમ્બતુરથી ચેન્નાઈ ૯૪૯ રૂપિયામાં, દિલ્હીથી જયપુર ૧૦૪૨ રૂપિયામાં અને ચેન્નાઈથી બેંગલોર ૧૧૮૭ રૂપિયામાં, ચેન્નાઈથી દિલ્હી ૨૮૩૨ રૂપિયામાં ટિકિટની ઓફર કરવામાં આવી છે. અત્રે નોંધનિય છે કે એરલાઈન્સ કંપનીઓ તરફથી આપવામાં આવી રહેલી ઓફર કેટલાક પસંદગીના રૂટ ઉપર જ ઉપલબ્ધ રહેશે. એક અન્ય વિમાની સેવા આપનાર કંપની ગો એર પણ વધારે પાછળ નથી. ગો એરે ગ્રાહકોને આકર્ષિત કરવા માટે ૧૦૫૭ રૂપિયાની ટિકિટની ઓફર કરી છે. આના માટે બુકીંગ ૩૧મી જાન્યુઆરી સુધી કરાવી શકાય છે. એર ઈન્ડિયા હવે ત્રણ મહિના માટે એક એવી સેલ ઓફર લઈને આવનાર છે જે ટ્રેન ટિકિટના ખર્ચમાં ઉપલબ્ધ રહેશે. ભાડા રાજધાની દ્વારા ઓપરેટેડ તમામ રૂટ પર ઉપલબ્ધ રહી શકે છે. જો કે ભાડાની આ સ્કીમનો લાભ લેવા માટે કેટલીક શરતો પાળવી પડશે. જો પ્રવાસની તારીખના ૨૦ દિવસ પહેલા અથવા તો તેના કરતા વધારે દિવસ પહેલા ટિકિટ બુક કરવામાં આવશે.

### દબાણ લાવવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

થાળી આંચકી લીધી હતી. જ્યારે નીતિશકુમારે આક્ષેપ કર્યો હતો કે બિહારના નિવાસીઓના ડીએનએ ખરાબ કરવાની વાત કરીને લોકોનું અપમાન મોદી કરી રહ્યા છે. આવી સ્થિતિમાં બંને વચ્ચેના સંબંધોમાં ખૂબ જ તંગ સ્થિતિ સર્જાઈ ગઈ હતી. આરજેડી અને જેડીયુ હાલમાં ભલે એકબીજાની સાથે છે પરંતુ આરજેડી ધારાસભ્ય રાજ બલ્લભથી લઈને શહાબુદ્દીન સુધીના મામલામાં જેડીયુ અને આરજેડી વચ્ચેના સંબંધો ક્યારેય પણ સારા રહ્યા નથી. બાહુબલી શાહબુદ્દીને તો નીતિશકુમારને પોતાના નેતા તરીકે પણ સ્વીકારતા નથી. આરજેડી નેતા રઘુવંશપ્રસાદ સિંહ જાહેરમાં અનેક વખત નીતિશકુમાર પર પ્રહાર કરી ચુક્યા છે. નોટબંધી પર વિપક્ષના સંયુક્ત રીતે એક સાથે આવવાના પ્રસ્તાવ પર જેડીયુ અલગ દેખાતા આરજેડી વડા લાલુ પ્રસાદ યાદવે પણ નીતિશકુમાર ઉપર પરોક્ષ પ્રહારો કર્યા હતા. નીતિશકુમારે કહ્યું હતં કે આમાં ઈગોની સમસ્યા દેખાઈ રહી છે.

### ધોની ઈચ્છુક... ● અનુસંધાન પહેલાનું ચાલુ

છેલ્લા ઓવરમાં ભારતને જીત અપાવવામાં નિષ્ફળ રહ્યો હતો. ઝિમ્બાબ્વેની સામે પણ છેલ્લી ઓવરમાં આઠ રન બનાવીને ભારતને જીત અપાવવામાં તે નિષ્ફળ રહ્યો હતો. દક્ષિણ આફ્રિકાની સામે કાનપુરમાં રમાયેલી મેચમાં તે જીત માટે જરૂરી ૧૧ રન કરી શક્યો ન હતો.

બીજી બાજુ વિરાટ કોહલીએ છેલ્લા ૧૬ મહિનામાં ભારતીય ટીમના કેપ્ટન તરીકે જોરદાર દેખાવ કરીને શ્રીલંકા સામે ૨-૧થી, આપ્રિકા સામે ૩-૦થી અને વેસ્ટ ઈન્ડિઝ સામે ૨-૦થી તેમજ ન્યુઝીલેન્ડ સામે ૩-૦થી શ્રેણી જીતી છે. ઈંગ્લેન્ડ સામે ૪-૦થી પણ શ્રેણી જીતી છે. આ ગાળા દરમિયાન કોહલીએ ૧૯ ટેસ્ટ મેચમાં ૧૬૦૦થી વધારે રન કર્યા છે. ધોનીના નેતૃત્વમાં રમતા પણ કોહલીએ શાનદાર દેખાવ કર્યો હતો. છેલ્લી ૧૫ વનડે મેચંમાં તે ૭૫ રનની સરેરાશ સાથે ૯૪૮ રન બનાવી ચુક્યો છે. ભારતીય ટીમ અને બહાર ક્રિકેટ ચાહકો હવે વિરાટ કોહલી તરફ આશા સાથે જોઈ રહ્યા છે. કોઈ સમય ધોની તરફ ચાહકો જોઈ રહ્યા હતા. કેપ્ટન તરીકે રાજીનામુ આપી દીધા બાદ ધોનીએ બીસીસીઆઈના સીઈઓ રાહુલ જોહરીની સાથે લાંબી વાતચીત કરી હતી.

### મોકુફ રાખવા

● અનુસંધાન પહેલાનું ચાલુ

મારફતે કેટલાક એવા પગલાં અને કાર્યક્રમ જાહેર કરી શકે છે જેનાથી સીધો ફાયદો મતદારોને થઈ શકે અને પોતે પણ ચૂંટણીમાં લાભ ઉઠાવી શકે છે. આચારસંહિતાના ભંગ તરીકે પણ આ બાબત હોઈ શકે છે. વિરોધ પક્ષોના સભ્યોનું પ્રતિનિધિમંડળ ચૂંટણી પંચના અધિકારીઓને આજે મળ્યું હતું. કોંગ્રેસના વરિષ્ઠ નેતા ગુલામનબી આઝાદે બેઠક બાદ કહ્યું હતું કે અમારી સામાન્ય રજુઆત રહી છે. આઠમી માર્ચ પછી બજેટ રજુ કરવા માટે કહેવામાં આવ્યું છે. ૩૧મી માર્ચ પછી બજેટ પસાર કરવા કહેવામાં આવ્યું છે. આઠમી માર્ચ પાંચ રાજ્યોમાં ચૂંટણીનો છેલ્લો દિવસ છે.